HM Government

# વિન્ડરશ સહાય ટીમ

## શું તમને અને તમારા પરિવારને વિન્ડરશથી અસર થઈ છે?

જો તમે અથવા તમારા માતા-પિતા ૧૯૭૩ પહેલાં કોઈ પણ કોમનવેલ્થ દેશમાંથી યુ.કે. આવ્યાં હતાં, અથવા તમે ૧૯૮૮ ના અંત પહેલાં કોઈ પણ દેશમાંથી યુ.કે. આવ્યાં હતાં, તો અમે તમારી કાનૂની સ્થિતિ બતાવવા માટેના દસ્તાવેજો મેળવવામાં તમારી સહાય કરી શકીએ છીએ.

તમે જે વળતર મેળવવા હકદાર બનતાં હો તેનો દાવો કરવામાં પણ અમે તમારી મદદ કરી શકીએ છીએ.



HM Government

## કેટલાક લોકો કે જેઓ વર્ષો પહેલા યુ.કે.માં કાયદેસર સ્થાયી થયા હતા તેમની પાસે અહીં રહેવા અને કામ કરવાનો કાનૂની અધિકાર બતાવવા માટેના દસ્તાવેજો નથી.

સરકારની વિન્ડરશ સહાય ટીમ વિના મૂલ્યે જરૂરી દસ્તાવેજો મેળવવા માટે લોકોને સહાય પૂરી પાડે છે. તમે યુ.કે.માં રહેવાનો તમારો અધિકાર હોવાનું સાબિત નહિ કરી શક્યાં હોવાને કારણે જો તમે નોકરીઓ અને આરોગ્ય સંભાળ જેવી બાબતો ન મેળવી શક્યાં હો, તો તે માટે તમે વળતરનો પણ દાવો કરી શકો.

### તમે સહાય મેળવી શકશો જો:

- તમે અથવા તમારા માતા-પિતા ૧૯૭૩ પહેલાં કોઈ પણ કોમનવેલ્થ દેશમાંથી યુ.કે. આવ્યાં હતાં
- તમે ૧૯૮૮ ના અંત પહેલાં કોઈ પણ દેશમાંથી યુ.કે. આવ્યાં હતાં

કેટલાક પૌત્ર-પૌત્રીઓ અને નિકટનાં કુટુંબીજનો પણ વળતર માટે દાવો કરી શકશે.

**મફત હેલ્પલાઈન પર કોલ કરો: 0800 678 1925**

**જુઓ: GOV.UK/WindrushHelpTeam**

તમે અમને જે કંઈપણ કહેશો તે સંવેદનશીલતા સાથે વર્તવામાં આવશે અને તમારી માહિતી ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટને મોકલવામાં આવશે નહિ.